## અશ્વિનીકુમાર મેડીકલ રીલીફ સોસાયટી

સંચાલિત

# વન વિહારી ગ્રુપ

## (વરિષ્ઠ નાગરિકો માટે)

### પાંચમા વર્ષના શુભારંભે...

### પરિકલ્પના

મનુષ્યજન્મ એટલે સમગ્ર પ્રાણીસૃષ્ટિમાં એકદમ અનન્ય. સંપૂર્ણ વિકસિત મગજ એટલે બ્રહ્માંડના રહસ્યો ખોળી ખોળીને દરેક ચીજનો તાગ મેળવતો મનુષ્ય અને કંઈક અંશે કુદરતથી પણ આગળ વધવાની ઝંખના ધરાવતો મનુષ્ય. વરસાદ કેમ ન આવે? કરો કૃત્રિમ વરસાદના અખતરા. પાણીનો પ્રશ્ન, નાથો નદીઓને. પક્ષી ઊડે તો હું કેમ નહીં? ચંદ્રમા પર તો ચઢાઈ કરી જ લીધી. આવો તરવરીયો મનુષ્યજીવ જ્યારે જીવનસંધ્યા બાજુ આગળ વધે ત્યારે શરૂ થાય તન અને મન વચ્ચે ખટરાગ. શ્રી જગદ્ગુરુ શંકરાચાર્યે પણ એટલે જ કહ્યું કે 'અંગમ્ ગલીતમ્, પલીતમ્ મુંડમ્, દશન વિહીનમ્ જાતમ્ તુંડમ્, વૃધ્ધો યાતિ ગૃહીત્વા દંડમ્, તદપિ ન મુંચતી આશા પિંડમ્.'' આ થઈ એક સહજ અને સર્વ સામાન્ય પ્રકૃતિની વાત અને તન અને મનના ખટરાગને સાથે રાખીને જીવનની સંધ્યાને કેમ માણવી એ મૂળ ભાવના સાથે વન વિહારી ગ્રુપનું નિર્માણ થયું.

માતૃસંસ્થા - શ્રી અશ્વિનીકુમાર મેડીકલ રીલીફ સોસાયટીના સમાજના નબળા લોકોની વૈદકિય સેવાના બહોળા અનુભવના તારતમ્યમાંથી વન વિહારીઓ - જ્યેષ્ઠ વડીલોના સ્વાસ્થ્યની મુખ્ય ચાર જરૂરિયાતો એટલે કે શારીરિક, માનસિક, બૌધ્ધિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યની કાળજી લેવાય એવી પ્રવૃત્તિઓને સાંકળી લેવાના ઉદ્દેશથી આ કાર્યની શરૂઆત વર્ષ ૨૦૦૪માં થઈ. વૃધ્ધ એટલે વધેલો, નહીં કે ઘસાયેલો. જીવનની લાંબી યાત્રાના વિવિધ અનુભવોથી સમૃધ્ધ એવો જ્યેષ્ઠ નાગરિક બીજાને માર્ગદર્શક બની રહે અને એકમેકના સહારે જીવનસંધ્યાના વિવિધ રંગોને માણીને એકલતા, અસહાયતાને ભૂલે એવો ભગીરથપ્રયાસ વન વિહારી ગ્રુપે હાથ ધર્યો છે.

### પ્રવૃત્તિઓ

માતૃસંસ્થાની મદદથી કાંદિવલી (પૂર્વ)માં શ્રીમતી મણીબેન ચંદુલાલ મહેતા ટી.બી. કંટ્રોલ એન્ડ રીસર્ચ સેન્ટર, માતુશ્રી ચંચલબેન બાલચંદ દોશી મેડીકલ સેન્ટર તેમજ શ્રીમતી જયશ્રીબેન જે. રાંભિયા પેથોલોજી લેબોરેટરી અને બોરીવલી (પશ્ચિમ)માં માતુશ્રી રૂક્ષ્મણીબેન મણીલાલ લહાણી મેડીકલ સેન્ટર ચાલી રહ્યાં છે.

વધુમાં કાંદિવલી (પશ્ચિમ)માં ભગવાનદાસ વલ્લભદાસ કારાણી કાઉન્સેલીંગ અને ગ્રુપ થેરાપી સેન્ટર તથા શ્રીમતી શાંતાબેન કાંતિલાલ શેઠ 'કલાપી' પેથોલોજી ઈન્વેસ્ટીગેશન સેન્ટર ચાલી રહ્યાં છે, જેમાં જ્યેષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્યની પૂરતી કાળજી લઈ શકાય છે. આ ઉપરાંત શરીરના વિવિધ તંત્રોને સાંકળી લેતા



નામાંકિત ડોકટરોના લેક્ચરો પણ અવારનવાર ગોઠવવામાં આવે છે. **Prevention is always better and cheaper than cure** - એ લક્ષમાં રાખીને યોગાચાર્યો દ્વારા જ્યેષ્ઠ નાગરિકોના આહાર, વિહાર, એમને ઉચિત આસનો તથા પ્રાણાયામની સમજણ આપવામાં આવે છે. વધુમાં વિવિધ વિષય પર લેક્ચરોના આયોજન કરીને આધ્યાત્મિક અને બૌધ્ધિક સ્તર ઊંચુ લાવવાની પણ કોશીષ વન વિહારી ગ્રુપમાં થઈ રહી છે. ''આનંદમ્ પરમમ્ સુખમ્'' એ કેમ ભૂલાય? એટલે વર્ષ દરમ્યાન વિવિધ ઉત્સવોની ઉજવણી પણ થાય છે.

વૃધ્ધ એટલે બૌધ્ધિક રીતે વધેલો, પણ કુદરતનો નિયમ કેમ અવગણી શકાય? શરીર તો ઘસાય જ અને મોટે ભાગે કાયમી સ્વરૂપની જે લાંબા સમય સુધી સારવાર માગે એવી માંદગીઓ પણ આવે. આર્થિક સંકડામણ કોઈ વાર દવાનો ખર્ચ ટાળવા સારવારને અનિયમિત પણ બનાવે. દવાઓનો ખર્ચ ઘટાડવાની શક્યતા ખરી? આ વિષયમાં વિચાર કરીને ૭૮ વર્ષની ઉંમરના વડીલ સભ્ય શ્રી તેરશીભાઈ રાયગગાએ રાહત દરે દવાઓ મેળવી આપવાની યોજના શરૂ કરી, જેનો આજે ૧૨૦થી વધારે સભ્યો લાભ લઈ રહ્યા છે. હવે આ યોજના સમગ્ર વરિષ્ઠ નાગરિકો માટે 'ઔષધગંગા યોજના' રૂપે તા. ૧-૪-૨૦૦૮થી શરૂ થઈ રહી છે. તંદુરસ્ત વડીલોનો એક સમાજ ઊભો કરવાનો આ ભગીરથ પ્રયાસ એટલે 'ઔષધગંગા યોજના'.

આ ઉપરાંત માતૃસંસ્થાના વિવિધ વૈદકિય કેમ્પોનું આયોજન કરતી રહે છે અને એમાં વન વિહારી ગ્રુપના સભ્યો સહાયક તરીકે સેવા આપીને દરીદ્રનારાયણની સેવાનો લાભ પણ લેતા રહે છે. આ રીતે જ્યેષ્ઠ નાગરિકની બધી જરૂરિયાતોને લક્ષમાં લઈને વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરતી રહે છે.

- ડૉ. સી. કે. શેયગગા